# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૫/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત ‘એક્ષ્પોર્ટની તકો’ વિશે પેનલ ડિસ્કશન યોજાયું

### વિશ્વના ૧૦૦માંથી ૯૦ ડાયમંડ સુરતમાં બનેલા છે અને જેમ્સ એન્ડ જ્વેલરી ઇન્ડસ્ટ્રી વર્લ્ડને બીટ કરે છે : વિજય માંગુકિયા

### વિશ્વના કેટલાક દેશોમાં લેબ ગ્રોન ડાયમંડ હજી પહોંચ્યો જ નથી, આથી એવા દેશોમાં લેબ ગ્રોન ડાયમંડ એક્ષ્પોર્ટ કરવા માટે વિપુલ તકો છે : ડો. સ્નેહલ ડુંગરાણી

### વિશ્વના દેશો ચાઇનાથી કંટાળી ગયા છે, આથી દુનિયાભરમાં કેમિકલ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરવા માટે સુરતના ઉદ્યોગકારો પાસે ખૂબ જ વિશાળ તકો છે : ફૈઝ નગરાણી

### સુરત અત્યારે ધીમે ધીમે આઈટી ક્ષેત્રે જાણીતું બની રહ્યું છે ત્યારે ૧૦ વર્ષ પછી સુરત પણ આઇટી એક્ષ્પોર્ટર તરીકે ઓળખાશે : અલ્પેશ વઘાસિયા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત શનિવાર તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સેમિનાર હોલ– એ, સુરત ઇન્ટરનેશનલ

એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'એક્સપોર્ટની તકો' વિશે પેનલ ડિસ્કશન યોજાયું હતું. જેમાં પેનલિસ્ટો તરીકે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલના ગુજરાત રિજીયોનલ ચેરમેન વિજય માંગુકીયા, ભંડેરી લેબ ગ્રોન ડાયમંડના સીઇઓ ડો. સ્નેહલ પટેલ, એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સીએફઓ ફૈઝ નગરીયા અને સોફટવેર એક્સપોર્ટર અલ્પેશ વઘાસિયાએ જેમ્સ એન્ડ જ્વેલરી, ડાયમંડ, કેમિકલ અને સોફટવેરના એક્સપોર્ટ માટે રહેલી તકો વિશે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસીયાએ ઉદ્યોગ સાહસિકોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારત હવે બદલાઈ રહ્યું છે અને ભારતનો યુવાન વાઇબ્રન્ટ થઈ રહ્યો છે. તમારી પ્રોડકટમાં કવોલિટી લાવશો અને તેને એકવાર બ્રાન્ડ સુરત બનશે તો વિદેશોમાં એની ખરીદી વધશે. ભારતમાં જ ૧૪૦ કરોડ લોકો આપણી પ્રોડકટ ખરીદી શકે તેમ છે. ત્યારબાદ વિશ્વના ૮૪ જેટલા દેશોમાં તમે પોતાની પ્રોડકટ એક્સપોર્ટ કરી શકો તે માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ વિઝન હાથ ધરાયું છે, જેમાં જોડાઇને વિવિધ દેશોમાં પ્રોડકટને એક્સપોર્ટ કરી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે, યુવાઓએ હવે સુરતની ધરતી પરથી ભારતની લીડરશીપ લેવાની છે અને તે દિશામાં પ્રયાસ કરવાનો છે. વડાપ્રધાને વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રીલીયન યુએસ ડોલરની ઇકોનોમી બનાવવાનો સંકલ્પ લીધો છે ત્યારે આ સંકલ્પને પૂરો કરવા માટે તમામ ઉદ્યોગ સાહસિકોએ મિશન ૮૪માં જોડાઇને એક્સપોર્ટને વધારવાનો છે.

GJEPCના ગુજરાત રિજીયોનલ ચેરમેન વિજય માંગુકીયાએ જણાવ્યું હતું કે, જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ભારત સરકારને ફોરેન ટ્રેડ પોલિસી વખતે સૂચનો આપે છે અને ઉદ્યોગ સાહસિકોને એક્સપોર્ટ કરવા માટે પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું હતું કે જીજેઇપીસીએ ૧૬ કલાકનો કોર્સ ડેવલપ કરી ૪૦૦ જેટલા ઉદ્યોગ સાહસિકોને તૈયાર કર્યા હતા, જેમાંથી ૮૦ યુવાઓ હવે જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે એક્સપોર્ટ કરતા થઇ ગયા છે અને તેઓએ રૂપિયા ૧૧૦ કરોડથી વધુની જ્વેલરી એક્સપોર્ટ કરી હતી. તેમણે કહયું હતું કે, વિશ્વના ૧૦૦માંથી ૯૦ ડાયમંડ સુરતમાં બનેલા છે અને જેમ્સ એન્ડ જ્વેલરી ઇન્ડસ્ટ્રી વર્લ્ડને બીટ કરે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને જેમ્સ એન્ડ જ્વેલરી અને ડાયમંડ ક્ષેત્રે વિવિધ દેશોમાં એક્સપોર્ટ માટે રહેલી તકો તેમજ માર્કેટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ભંડેરી લેબ ગ્રોન ડાયમંડના સીઇઓ ડો. સ્નેહલ ડુંગરાનીએ જણાવ્યું હતું કે, નેચરલ ડાયમંડ એ રેર હોવાથી સામાન્ય માણસ તેને પહેરી શકતો નથી. કારણ કે એક કેરેટ ડાયમંડની કિંમત રૂપિયા પાંચથી સાત લાખ થાય છે. વર્ષ ૧૯૫૪માં લેબગ્રોન ડાયમંડ બન્યો હતો, પરંતુ એ કાળા કલરનો હોવાથી માર્કેટમાં આવ્યો ન હતો. જો કે, ત્યારબાદ બ્લેક અને બ્રાઉન કલરના લેબ ગ્રોન ડાયમંડ ધીમે ધીમે જેમ કવોલિટીમાં આવી ગયા હતા. વર્ષ ૨૦૦૦માં ૭ સેન્ટનો ડાયમંડ બન્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૦૬થી ૨૦૧૦માં જેમ કવોલિટીના ડાયમંડ લેબમાં બનતા થઇ ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે, લેબ ગ્રોન ડાયમંડ સૌથી શુદ્ધ ગણાય છે અને એના પ્રોડકશનમાં ભારત આખા વિશ્વમાં પ્રથક ક્રમે આવે છે. નેચરલ ડાયમંડ અને લેબ ગ્રોન ડાયમંડની પ્રોપર્ટી એક સરખી જ છે. નેચરલ ડાયમંડ ૨ ટકા લોકો જ પહેરી શકે તેમ છે ત્યારે લેબ ગ્રોન ડાયમંડ માટે ૯૮ ટકા માર્કેટને કેપ્ચર કરવા માટેનો સ્કોપ છે. લેબ ગ્રોન ડાયમંડના એક્સપોર્ટ માટે ઘણો મોટો સ્કોપ છે. કારણ કે, વિશ્વના કેટલાક દેશોમાં લેબ ગ્રોન ડાયમંડ હજી પહોંચ્યો જ નથી. આથી એવા દેશોમાં લેબ ગ્રોન ડાયમંડ એક્સપોર્ટ કરવા માટે વિપુલ તકો છે.

એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના સીએફઓ ફૈઝ નગરીયાએ જણાવ્યું હતું કે, કેમિકલ પ્રોડકટ માટે હવે કેમેસ્ટ્રી એન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. સુરતમાં જે કેમિકલ પ્રોડકટ બને છે એ હવે ચાઇનાની પ્રોડકટને પણ ટક્કર મારે છે. હવે વિશ્વના બધા જ દેશો ચાઇનાથી કંટાળી ગયા છે, આથી ભારતની કંપનીઓને કેમિકલ પ્રોડકટના એક્ષ્પોર્ટ માટે ખૂબ જ વિશાળ તક રહેલી છે. તેમણે કહયું હતું કે, કેમિકલ ઇન્ડસ્ટ્રી ૩ર બિલિયન યુએસ ડોલરની ઇન્ડસ્ટ્રી છે, આથી દુનિયાભરમાં કેમિકલ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરવા માટે સુરતના ઉદ્યોગકારો પાસે ખૂબ જ વિશાળ તકો છે.

સોફટવેર એક્ષ્પોર્ટર અલ્પેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ઉત્રાણને ડિજિટલ વેલી બનાવવાની માંગ કરવામાં આવી છે. કારણ કે, મોટા ભાગની એપ હવે ઉતરાણથી પબ્લિશ થાય છે. સુરત એ ટાયર ટુ સીટી છે તેમ છતાં ગુગલે સુરત આવીને એક્સકલુઝિવ પ્રોગ્રામ કરવો પડયો હતો. સોફટવેરમાં ર૦૦ બિલિયન યુએસ ડોલરથી વધુનો એક્ષ્પોર્ટ થાય છે. સુરત અત્યારે ધીમે ધીમે આઈટી ક્ષેત્રે જાણીતું બની રહ્યું છે ત્યારે ૧૦ વર્ષ પછી સુરત પણ આઇટી એક્ષ્પોર્ટર તરીકે ઓળખાશે.

તેમણે ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું કે, સોફ્ટવેર ડેવલપમેન્ટ માટે વધારે રોકાણની જરૂર હોતી નથી. સોફટવેર ડેવલપ થયા બાદ આ બિઝનેસમાં ઉદ્યોગ સાહસિકોએ પહેલા દસ ગ્રાહકો બનાવવાના હોય છે, જે સમય માંગી લે છે. કારણ કે, કવોલિટી પ્રોડકટ અને સમયસર કમિટમેન્ટ પૂરુ કરવા વિશ્વાસ સંપાદન મહત્વની બાબત સાબિત થાય છે. સોફ્ટવેર એક્ષ્પોર્ટની સાથે યુવાઓ આ ક્ષેત્રે કન્સલ્ટન્સી પણ કરી શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર સંજય પંજાબીએ પેનલ ડિસ્કશનમાં સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ પેનલ ડિસ્કશનનું સંચાલન કર્યું હતું. જ્યારે મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સર્વેનો આભાર માન્યો હતો. જેમ્સ એન્ડ જ્વેલરી, ડાયમંડ, કેમિકલ અને આઇટી ક્ષેત્રના ચારેય નિષ્ણાંતોએ ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.